ભસ્સાભસવાળી ડરાકુ ચિતરામણ પણ ! ... કોને ખબર છે ? - દક્ષિણ એશિયાઈ પેટા ખંડમાં જોવા મળતા તેજસ્વી લીલા અને વરણાગી ગુલાબી રંગોને બદલે બ્રિટિશ પ્રાકૃતિક દૃશ્યો, અને વળી, અહીંની નઠારી ઋતુને વાચા મળે તેવા રંગોનું મિશ્રણ પણ તેમાં જોવા ય પામીએ.

'નકશીભાત નમૂનાઓ ઘણું બધું કહી જતાં લાગે. મારાં જેવા યુવાન બ્રિટિશ એશિયાઈ માટે, આજના બ્રિટનમાંના આપણા વસવાટના ધબકારને વાચા મળે તેવું કંઈ પણ આજની સાડીઓમાં, ખરેખાત, જોવા મળે છે કે ? અમારાં જેવાં હજારો લોકોને ટાઢક થાય અને વાચા મળે તેવા નકશીભાત નમૂનાઓ મળી આવે તો બહુ જ આનંદ થશે. હોઈ શકે છે કે પોતીકા વારસા સાથે બહુ જ નક્કર અનુબંધ અનુભવતાં અમારાં માવતરની ભૂગોળ અને વારસાની વાત અને છાપ એમાં ન ય હોય.' શીતલબહેને સજ્જડ નયને દલીલ માંડી આપી.

## લંડન કૉલિંગ

### ૦ વિપુલ કલ્યાણી ૦

આ વરસની પાનખર ઋતુના સમયગાળામાં, બ્રેન્ટ મ્યુઝિયમમાં વિજેતા નમૂનાઓનું એક જાહેર પ્રદર્શન યોજવામાં આવશે અને પછી તેને રાષ્ટ્રીય આર્કાઈવઝમાં કાયમી ધોરણે સંઘરી રાખવાનો મનસૂબો 'મ્યુઝિયમ ઍન્ડ આર્કાઈવઝ'નાં મેનેજર ટીના મોરટને દર્શાવ્યો છે. ટીનાબહેન કહેતાં રહ્યાં : 'અમારાં કામોનું તો આ કેન્દ્રગામી વલણ છે. અમારા વિસ્તારમાં બ્રિટિશ એશિયાઈ વસ્તીનો મોટો ભાગ વસે છે. તેમના વારસાની રજૂઆત, તેમના રસના વિષયની વાત, તેમની પીઠિકાની કહેણીઓને ય વાચા મળે તે પણ અમારે જોવાનું છે.' રસજ્ઞોએ વધુ વિગતો માટે ટેલિફોન 020 - 8749 9010 પરે યા info@bridging-arts.com - ઈ.મૈલથી સંપર્ક કરવા અનુરોધ છે.




આ પ્રકલ્પ હાથ ધરાયો તેની સાથે, સુસન રોબર્ટ્સ અને તેમનાં જૂથે ઠીકઠીક સંશોધનકામ પણ કર્યું છે. એમના મત મુજબ, સન ૧૮૫૬માં, ઑવેન જોંન્સ નામના એક સરસ મજાના લેખકે (ઈ.સ. ૧૮૦૯ - ઈ.સ. ૧૮૭૪) 'ધ ગ્રામર ઑફ ઑર્નામેન્ટ' નામનું પુસ્તક પ્રગટ કર્યું હતું. સુશોભનની કળા માટે તેમ જ ઈમારત બાંધણીની શિલ્પકળા માટેના આકાર, ઘાટ અને રૂપરંગ માટે પશ્ચિમી સુશોભનકળા તથા સ્થાપત્યકળાના સુવાંગ પિતા લેખાતા આ લેખકે એક નહીં, ૩૭ જેટલા નિયમો બતાવ્યા છે. ઓગણીસમી સદીના એ ખ્યાતનામ કળાકારીગરીના નિષ્ણાત દક્ષિણ લંડનમાં આવેલા 'ક્રિસ્ટલ પેલેસ'માં ભરાયેલા ૧૮૫૧ના મહાન પ્રદર્શનના સુશોભનકાર પણ હતા. એમણે ખૂબ દેશપરદેશ ખેડેલો અને 'હિસ્પાનો - મોરેસ્ક' કળાના ઊંડા અભ્યાસી તરીકે કેન્દ્રવર્તી નામ કમાયું છે. આ પુસ્તક આધારિત તેમ જ ઑવેન જોન્સ પ્રસ્થાપિત કળાનિયમ અનુસાર સર્વત્ર વિવિધ આકાર, ઘાટ અને રૂપરંગની ખિલવણી થતી આવી છે.

'પેટર્ન, મેમરી એન્ડ ધ કોસ્મોપોલિટન સિટી' નામનો એક રોચક નિબંધ, હાલમાં, જાણીતાં વિચારશીલ લેખિકા, હેલન સ્કાલવેએ કર્યો છે. એમણે પણ ઑવેન જોન્સની દેણગીની બહુવિધ રજૂઆત એ નિબંધમાં કરી છે. હેલનબહેનના મત મુજબ, ફારસી સુશોભન ઉપરાંત, હિન્દી તેમ જ હિન્દુ કળાકૌશલ વિશે આ લેખકે વિસ્તારથી વિગતો આપી છે. બ્રેડફર્ડ, લેસ્ટર, વેમ્બલી ઉપરાંત સાઉથહૉલ, માન્ચેસ્ટર, ટૂટીંગ જેવા અનેક વિસ્તારોમાં સાડીઓની સેંકડો દુકાનોની વાત પણ એમણે તેમાં વણી લીધી છે. દરદાગીનાઓની ભાત, રંગબેરંગી સાડીઓ પરની નકશાભાત વિશે તે અભ્યાસ આદરે છે અને પછી મુઘલકાળની અસર, લોકસંસ્કૃતિઓની અસર, ઈસ્લામી સંસ્કૃતિમાં નિખરી આકૃતિઓની પણ તે વિગતે સરસ નોંધ લે છે.

હેલન સ્કાલવેનાં આલેખનની એક આકૃતિ એ નિબંધમાં પૂરવણીરૂપે જોવા મળે છે. તેમાં દક્ષિણ એશિયાઈ ઉપખંડના દેશોની ભૂમિકા સાથે પશ્ચિમી કલાવિધાનને સાંકળી લેવામાં આવ્યું છે. લાગે છે કે સુસન રોબર્ટ્સ અને એમનાં સાથીદારો પણ એ માર્ગે પ્રસાર - પ્રચાર કરવાનો મનસૂબો ધરાવે છે.

મથાયસ વિલિયમ્સ નામના એક યુવાન પત્રકારને હમણાં મળવાનું થયું. એમના પિતા 'રોઈટર' સમાચાર સંસ્થામાંથી નિવૃત્ત થયેલા નીવડેલા પત્રકાર છે અને મથાયસ, નજીકમાં, મુંબઈ ખાતે, રોજ-બ-રોજનું પત્રકારત્વ ખેડવા જવાના છે. એમને અહીંના આ એશિયાઈ સમાજનો જાંગડ અનુભવ રહ્યો છે. પશ્ચિમમાં વસેલી એશિયાઈ સમાજની યુવા પેઢીને આ સાડી જેવાં પરિધાનોમાં રસ પડે ખરો ? અમે ચર્ચા કરતા હતા. અમને દેખાતું હતું કે વારેપરબે, પોતીકા જલસા, મિજબાનીઓ, મેળાવડાઓ, તહેવારોમાં આ પરિધાન કેન્દ્રનું સ્થાન, હંમેશ, જાળવી રાખવાનું છે. અમે પછી કારણોની તપાસમાં પડયા. બૉલીવુડની મોટીમસ્સ અસર, આ દક્ષિણ એશિયાઈ દેશોમાંથી પ્રસારિત થતાં વિવિધ ટેલિવિઝન પ્રસારણો, સમસામયિકો, જગતને ચોક ભારતની વધતી જતી પ્રતિષ્ઠા, આ દેશો ભણીનો પ્રવાસ, ત્યાંથી આવ્યા કરતાં પંકાયેલાં કળાકારો, અદાકારો, પ્રવચનકારોની વણઝાર પણ વારસાગત પરિધાન માટેનું વાતાવરણ સજ્જડ જમાવી શકે છે.

•

## નસરુદ્દીન શાહ કહે : 'આપણું કોઈ ગજું જ નથી !'

બૉલીવુડ ફિલ્મ ઉદ્યોગ દ્વારા જે કોઈ ફિલ્મ આજકાલ બને છે તેમાં કોઈ મૌલિકતા નથી તેમ જ ફિલ્મનું કોઈ ધોરણ પણ જળવાતું નથી, એવો બળાપો હિન્દી ફિલ્મ જગતના એક બડેખા, નસરુદ્દીન શાહે હમણાં આ દેશની મુલાકાત વેળા કાઢ્યો છે. વળી, મોટા ભાગની ફિલ્મો હૉલીવુડની બેઠી નકલ કરે છે, તેમ પણ, પોતાની ખાસ અભિનય શૈલી માટે મશહૂર આ અભિનેતા કહેતા હતા.